ફોજદારી કેસ નંબર ૫૯/૨૦૧૫

**આંક ૧ લગત હુકમ**

(૧) સદર કામે આરોપી સામે ભારતીય દંડ સંહિતા ની કલમ ૩૭૯ અન્વયે ના ગુના નું ચાર્જસીટ તપાસ કરનાર અમલદાર ધ્વારા રજુ કરવામાં આવેલ .

(૨) સદર ફોજદારી કેસ ના કામે આરોપી સામે પ્રોસેસ કાઢવામાં આવેલ, પરંતુ બે આરોપી ને પોલીસ મશીનરી રજુ કરી શકેલ નથી.

(૩) સદર કામે ફરીયાદી હાજર ધ્વારા સદર કામે સદર કેસ આગળ ચલાવવો નથી તેવી રજુઆત કરી માંડવાળ કરવા પરવાનગી માંગેલ છે, તે અન્વયે એપીપી શ્રી ધ્વારા પણ રજુઆત કરવામાં આવેલ છેકે સદર કામે આરોપી લાંબા સમય થી મળી આવતો નથી તે કારણે ફરીયાદી ને માંડવાળ કરવા પરવાનગી આપવી જોઈએ જે અન્વયે સદર કામે ફરીયાદી ને માંડવાળ કરવા પરવાનગી જે માંગેલ તે મંજુર કરવામાં આવેલ , જે અન્વયે ફરીયાદી(મિલ્કત નો માલીક) ધ્વારા સદર કામે સમાધાન થયેલા નું જાહેર કરેલ છે.

(૪) ક્રિમીનલ પ્રોસીજર કોડ ની કલમ ૩૨૦ ધ્યાને લેતા સમાધાન માટે આરોપી ની હાજરી ફરજીયાત રાખવામાં આવેલ નથી, તેમજ ભોગ બનનાર ધ્વારા જયારે પોતે સમાધાન થયેલા નું સ્વીકારી ને માંડવાળ કરવા માટે અને સમાધાન થયેલા નું સ્વીકાર કરતા હોય, અને તે મુજબ ની પુરસીસ ફરીયાદી(મિલ્કત ના માલીક) તેમજ એપીપી ધ્વારા રજુ કરતા હોય તે અન્વયે સમાધાન મંજુર કરી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

:: હુ ક મ ::

૧. ફરીયાદી નું સમાધાન મંજુર કરી, આરોપી ને સદર ગુનાના કામે થી ક્રિમીનલ પ્રોસીજર કોડ ની કલમ ૩૨૦(૨)(૮) અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. સદર કામે કબજે કરવામાં આવેલ મુદામાલ બાબતે કરવામાં આવેલ હુકમ કાયમી કરવામા આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલત માં વાંચી સંભળાવી જાહેર કર્યો

તા.૧૪/૦૯/૧૯

(અરવિંદકુમાર શિવપ્રસાદ પાંડે)
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ
કોર્ટ નંબર ૯, અમદાવાદ
જજ કોડ જીજ. ૦૦૮૫૪